પોલીસ ઈન્સ્પેક્ટર અને તેમાથી નીચે કક્ષાના પોલીસ અધિકારી/કર્મચારી સામેના ખાતાકીય તપાસના કેસોનો ઝડપી નિકાલ કરવા બાબત.

ખાતાકીય તપાસમા તબક્કાઓ અંગે સમય મર્યાદા નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃપીડીઈ- ૧૯૯૯- ૩૬૯૬-(અંદાજ સમિતિ-૩૨)-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. 2 3 MAR 1999

પ રિ પ ત્ર :-

ખાતાકીય તપાસના કેસોની નિકાલ સુનિશ્ચિત સમયમાં થઈ શકે તે માટે તપાસની પ્રક્રિયાના તમામ તબક્કાઓ માટે ચોક્કસ સમય મર્યાદા ઠરાવવા આઠમી વિધાનસભાની ખાતરી સમિતિના પ્રથમ અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે. તથા નવમી વિધાનસભાની અંદાજ સમિતિના પ્રથમ અહેવાલમાં ખાતાકીય તપાસ શરુ કર્યા પછી રજુઆત કરવા માટે તક આપવા અંગેની સૂચના આપ્યા પછી વધુમાં વધુ ત્રણ વખત મુદત આપવાનાં સમયને ગણતરીમાં લઈને, ખાતાકીય તપાસ માટેના નિકાલની સમય મર્યાદા ઠરાવવી જોઈએ. ત્યારબાદ એકતરફી ખાતાકીય તપાસ પુરી કરવી જોઈએ તેવી ભલામણ કરવામાં આવી છે. પોલીસ તંત્રમાં પોલીસ ઇન્સ્પેક્ટર અને તેમનાથી નીચેની કક્ષાના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ સામેની ખાતાકીય તપાસ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ અને મુંબઈ પોલીસ ( શિક્ષા અને અપીલ) નિયમો ૧૯૫૬ની જોગવાઈઓ મુજબ થાય છે. તેમાં ખાતાકીય તપાસ માટે સમય મર્યાદાનું બંધન ન હોવાથી આ કાર્યવાહી પ્રત્યે શિસ્ત અધિકારીઓ, તપાસ અધિકારીઓ અને રજુઆત અધિકારીઓ દ્વારા ઘણી જ ઉદાસીનતા દાખવવામાં આવે છે. પરિણામે ખાતાકીય તપાસમાં અનહદ વિલંબ થતો જોવા મળતો હોય છે. આથી, ખાતાકીય તપાસના તબક્કાઓ અંગે સમય મર્યાદા નિયત કરવાનું સરકારશ્રીને આવશ્યક જણાયું છે. પરંતુ ખાતાકીય તપાસની પ્રક્રિયા એ અર્ધ-ન્યાયીક કાર્યવાહી છે. તેમાં તહોમતદારને બચાવની વાજબી અને પુરતી તક આપવા માટે કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરવું જરુરી હોઈ, ખાતાકીય તપાસ કોઈ ચુસ્ત કે ચોક્કસ સમય મર્યાદામાં જ પુરી

...૨..

થઇ જવી જોઇએ તેમ ઠરાવી શકાય નહીં. આથી, ખાતાકીય તપાસના તબકકાઓ માટે ચુસ્ત કે ચોકકસ સમય મર્યાદાને બદલે માર્ગદર્શન સ્વરુપની સમય મર્યાદા નિયત કરવાનું સરકારશ્રીને ઉચિત જણાયું છે.

૨.૦૦: પોલીસ ઇન્સ્પેકટર અને તેમનાથી નીચેની કક્ષાના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ સામેની ખાતાકીય તપાસના દરેક તબકકા માટે આ સાથેના પરિશિષ્ટ 'અ' અને 'બ' માં જણાવ્યા મુજબની સમય મર્યાદા સરકારશ્રી મુકરર કરે છે :-

૨.૦૧: પરિશિષ્ટ-અ માં મુંબઇ પોલીસ ( શિક્ષા અને અપીલ ) નિયમો ૧૯૫૬ના નિયમ -૩(૨)ની ( નાની શિક્ષા અંગેની ) કાર્યવાહીની સમય મર્યાદા દર્શાવવામાં આવી છે. જ્યારે પરિશિષ્ટ-બ માં મુંબઇ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો ૧૯૫૬ના નિયમ- ૩(૧)ની ( મોટી શિક્ષા અંગેની) કાર્યવાહીની સમય મર્યાદા દર્શાવવામાં આવી છે.

૩. પરિશિષ્ટ-અ અને પરિશિષ્ટ-બ માં સૂચવેલ સમય મર્યાદાઓ માત્ર માર્ગદર્શન સ્વરુપની જ છે. સામાન્ય સંજોગોમાં, ખાતાકીય તપાસના દરેક કેસમાં આ સમય મર્યાદાનું યથાયોગ્ય રીતે પાલન થાય તે જોવાની દરેક શિસ્ત અધિકારીની ફરજ રહેશે. ખાતાકીય તપાસની કાર્યવાહી એ અર્ધ ન્યાયીક કાર્યવાહી હોઇ અને તેમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરવું જરુરી હોઇ, કોઇપણ કેસમાં દરેક તબકકે સૂચવેલ સમય મર્યાદાનું ચુસ્તપણે પાલન કરવાનો આગ્રહ તહોમતદાર રાખી શકશે નહીં કે તે અંગે કોઇ હકક/દાવો કરી શકશે નહીં કે સમય મર્યાદાનું પાલન થયું ન હોવાના કારણે તેની સામેની ખાતાકીય તપાસ/પ્રકરણ પડતું મુકવા કે બંધ કરવા અંગે કોઇ હકક/દાવો કરી શકશે નહીં.

૪. જો કોઇ કેસમાં સૂચવેલ સમય મર્યાદાનું પાલન થઇ શકે નહીં તો શિસ્ત અધિકારીએ તે અંગેના કારણો દર્શાવતો અહેવાલ તેમના ઉપરી અધિકારીને રજુ કરવો. આ અહેવાલને આધારે ખાતાકીય તપાસમાં જે જે તબકકે વિલંબ થયાનું જણાયેલ હોય એ અંગે ઉપરી સત્તાધિકારીએ કારણો તપાસીને વિલંબ દુર કરવાના ઉપાયો સૂચવવા જો કોઇ અધિકારી/કર્મચારીએ અનિચ્છનિય રીતે વિલંબ કર્યાનું

માલુમ પડે તો જવાબદાર અધિકારી/કર્મચારી સામે કાર્યવાહી હાથ ધરવા પણ વિચારણા કરી ભવિષ્યમાં કોઇ કેસમાં આવો વિલંબ થાય નહીં તે માટે ઉપરી સત્તાધિકારીએ યોગ્ય વ્યવસ્થા ગોઠવવી.

૫. ઉપરોકત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ: ૧: પરિશિષ્ટ-અ
૨: પરિશિષ્ટ-બ

( મોહનસિંહ સોલંકી )
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

ISSUED 23 MAR 1999

પ્રતિ,

૧. પોલીસ મહા નિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૨. પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત.
૩. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, અમદાવાદ/વડોદરા/સુરત/જૂનાગઢ/ગાંધીનગર/રાજકોટ/સરહદી પ્રભાગ
૪. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, હથિયારી એકમો અને તાલીમ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૫. તમામ જીલ્લા પોલીસ અધિકારીશ્રી
૬. તમામ સેનાપતિશ્રી
૭. આચાર્ય, પોલીસ તાલીમશાળા, વડોદરા
૮. આચાર્યશ્રી, ટ્રેનીંગ કોલેજ, જુનાગઢ.
૯. અધિક પોલીસ મહા નિદેશકશ્રી, ક્રાઇમ એન્ડ રેલ્વે, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૧૦. અધિક પોલીસ મહા નિદેશકશ્રી (ઇન્ટે.) ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૧૧. નિયામકશ્રી, લાંચ રુશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૧૨. ગૃહ વિભાગની સ, બ, હ-શાખા, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
૧૩. શાખા સીલેકટ ફાઇલ.
૧૪. સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.
૧૫. નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.

જેપી/૨૪૨.સ્ટે.

23 MAR 1999

ગૃહ વિભાગના તા. ના પરિપત્ર ક્ર: પોડીઈ-૧૯૯૬-૩૬૯૦-ગનું બિડાણ.

## પ રિ શિ ષ્ટ -અ

મુંબઈ પોલીસ ( શિક્ષા અને અપીલ ) નિયમો ૧૯૫૬ના નિયમ-૩ (૨) નીચે ( નાની શિક્ષા )ની કાર્યવાહી અંગે સમય મર્યાદા બાબત :

| ક્રમ | તબક્કો | સમય મર્યાદા |
|---|---|---|
| ૧. | તહોમતનામા અન્વયે બચાવનામું રજુ કરવાની સમય મર્યાદા. | પ્રથમ તબક્કે ૧૦ દિવસ<br>બીજા તબક્કે ૧૦ દિવસ<br>ત્રીજા તબક્કે ૧૦ દિવસ (વધારે મુદત કે સમય આપી શકાશે નહીં તેવી સૂચના સહિત) |
| ૨. | તહોમતદારે તેના બચાવનામામાં તેને રુબરૂ કે મૌખિક રજુઆત કરવા માટે વિનંતી કરી હોય તો તે અંગે શિસ્ત અધિકારીએ નિર્ણય લેવા માટેની સમય મર્યાદા. | ૧૫ દિવસ |
| ૩. | તહોમતદારના બચાવનામા (જો રુબરૂ) કે મૌખિક રજુઆતની તક આપી હોય તો તે આપ્યા બાદ) ઉપર વિચારણા કરીને નિર્ણય લેવા અંગેની સમય મર્યાદા ( જો શિસ્ત અધિકારીને નિયમ ૩(૧) મુજબની તપાસની કાર્યવાહી પ્રક્રિયા અનુસરવાની આવશ્યકતા જણાય તો તેવા કિસ્સામાં નિયમ ૩(૧) ની કાર્યવાહી માટે નિયત થયેલ સમય મર્યાદાઓ તબક્કાવાર અનુસરવાની રહે છે ). | ૬૦ દિવસ |

જેપી/૪૪૨૯૯.સ્ટે.

ગૃહ વિભાગના તા. 23 MAR 1999ના પરિપત્ર ક્ર:પીડીઈ-૧૯૯૯-૩૬૯૦-ગનું બિડાણ:

## પ રિ શિ ષ્ટ -બ

મુંબઈ પોલીસ ( શિક્ષા અને અપીલ) નિયમ-૧૯૫૬ના નિયમ ૩(૧) નીચે(એટલે કે મોટી શિક્ષા અંગેની કાર્યવાહી) માટેની સમય મર્યાદા.

| ક્રમ | તબક્કો | સમય મર્યાદા. |
|---|---|---|
| ૧. | તહોમતનામા અન્વયે બચાવનામું રજુ કરવા માટે સમય મર્યાદા. | પ્રથમ તબક્કે - ૧૦ દિવસ<br>બીજા તબક્કે- ૧૦ દિવસ<br>ત્રીજા તબક્કે- ૧૦ દિવસ<br>(વધારે મુદત કે સમય આપી શકાશે નહીં તેવી સૂચના સહિત) |
| ૨. | બચાવનામા ઉપર નિર્ણય લેવા માટેની સમય મર્યાદા | ૩૦ દિવસ |
| ૩. | તપાસ અધિકારીએ નિયમ-૩(૧) મુજબની તપાસ કરીને તપાસ અહેવાલ રજુ કરવાની સમય મર્યાદા. | ૧૮૦ દિવસ |
| ૪. | તપાસ અહેવાલ શિસ્ત અધિકારીને મળી ગયા બાદ તેના સ્વીકાર-અસ્વીકારનો નિર્ણય લેવા અંગેની સમય મર્યાદા. | ૬૦ દિવસ |
| ૫. | તપાસ અહેવાલના તારણો તેમજ શિસ્ત અધિકારીના તારણો ઉપર તહોમતદારની રજુઆત કરવા માટેની સમય મર્યાદા. | પ્રથમ તબક્કે - ૫ દિવસ<br>બીજા તબક્કે - ૫ દિવસ<br>ત્રીજા તબક્કે - ૫ દિવસ<br>(વધારે મુદત કે સમય આપી શકાશે નહી તેવી સૂચના સહિત.) |
| ૬. | તહોમતદારની રજુઆત મળ્યાબાદ શિક્ષા કે દોષ મુકિતનો નિર્ણય લેવા માટેની સમય મર્યાદા. | ૩૦ દિવસ |

જેપી/૨૪૨૯૯.સ્ટે.